ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૭૫ ટકા

# નર્મદા કેનાલમાં જ્યાં પત્નીનું મૃત્યુ થયું હતું ત્યાં જ પતિનો પણ આપઘાત..!!

## પત્ની વિયોગમાં પીડાતા પતિ અને તેના માતા-પિતા કોરોના પોઝિટિવ થતાં પતિનું અંતિમ પગલું

ગાંધીનગર, તા.૧૦

શહેરના એક એવી કરુંતિકા સર્જાઈ છે જેમાં એક સરકારી અધિકારીના ધર્મપત્નીનું ચારેક માસ પૂર્વે નર્મદા કેનાલમાં પડી જવાથી અવસાન થયું હતું તેજ સ્થળે પતિએ પોતાનું જીવન ટૂંકાવ્યું છે. ગાધીનગર સેક્ટર-૨માં પ્લોટ નં ૫૦૭/૨માં રહેતા અને પંચાયત વિભાગમાં નાયબ સેક્શન અધીકારી તરીકે ફરજ બજાવતા કેતન સી. દોશી મંગળવારે સવારે તેમના ઘરેથી ગુમ થયા હતા જેમનો મૃતદેહ ફાયર બ્રિગેડને અડાલજ નજીક ખોરજ નર્મદા કેનાલમાંથી મળી આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ગત મે માસમાં જ આજ સ્થળે કેતનભાઈના ધર્મપત્ની ભાવનાબેનનું પૂજાના ફૂલ પધરાવતા કેનાલમાં પગ લપસી જવાથી અવસાન થયું હતું. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે કેતનભાઈના વયોવૃદ્ધ માતા-પિતા બંને કોરોના પોઝિટવ છે અને તેમની સિવિલ હોસ્પીટલમાં સારવાર ચાલી રહી છે અને કેતનભાઈના એકના એક પુત્ર પર જાણે આફત તૂટી પડી છે.

પોતાના મિત્ર વર્તુળમાં સરસ બેલડી તરીકે જાણીતી બનેલી કેતનભાઈ અને ભાવનાબેનની જોડીની સર્જાયેલી દુખદ કરુંતિકાથી ભારે ગમગીની ફેલાવા પામી છે, એક તરફ કેતનભાઈના વયોવૃદ્ધ માતા-પિતા બંને કોરોના પોઝિટીવ છે અને તેમની સિવિલ હોસ્પીટલમાં સારવાર ચાલી રહી છે અને બીજી તરફ પત્ની વિયોગથી પીડાતા કેતનભાઈએ પણ તેજ સ્થળે જયાં તેમના ધર્મપત્ની ભાવનાબેનનું પૂજાના ફૂલ પધરાવતા કેનાલમાં પડી જવાથી અવસાન થયું હતું ત્યાં આપઘાત કરીને જીવન ટૂંકાવ્યું હોવાની શંકા છે. ગત મે માસમાં કેતનભાઈના ધર્મપત્ની ભાવનાબેનનું પૂજાના ફૂલ પધરાવતા કેનાલમાં પગ લપસી જવાથી અવસાન થયું હતું ત્યારથી કેતનભાઈ પત્ની વિયોગથી દુઃખી હતા. તેમનો એકનો એક તબીબ પુત્ર ડો. રચિત સુરત ખાતે રહેતો હતો પરંતુ તેમના માતા પિતા અહી કેતનભાઈ સાથે રહેવા આવ્યા હતા. જેમને અને કેતનભાઈને કોરોના પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો. માતા-પિતાને તો સારવાર અર્થે સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા છે પરંતુ કેતનભાઈ જે હોમ આઈસોલેસનમાં હતા તેઓ મંગળવારે સવારે પોતાની કાર લઈને કયાંક ચાલ્યા ગયા હતા. બાદમાં તેમની કાર ખરજ કેનાલેથી મળી હતી, જયાં કેતનભાઈના મિત્ર રાજુભાઈ પટેલના કહેવા અનુસાર ગાંધીનગર ફાયર બ્રિગેડે ત્વરિત સેવા આપીને કેતનભાઈનો મૃતદેહ શોધી કાઢ્યો હતો. પોતાની પત્ની વિયોગમાં પીડાતા કેતનભાઈએ પોતાને અને માતા-પિતાને પણ કોરોના પોઝિટિવ રિપોર્ટ આવતા તેના આઘાતમાં આપઘાતનું પગલું ભર્યું હોવાનું માનવામાં આવી રહ્યું છે.



સારા વરસાદ બાદ ગ્રીનસીટી ગાંધીનગર વધુ ગ્રીન બની ગયું છે. વનવિભાગ દ્વારા ઉછેરવામાં આવેલા વૃક્ષો ખૂબ ખીલ્યા છે. જો કે આ વૃક્ષોની ડાળીઓ અડચણરૂપ બની રહેતાં વનવિભાગ દ્વારા તેનું ટ્રીમીંગ કરવામાં આવી રહ્યું છે. વોર્ડ નં.૭માં આવેલા સેકટરોમાં વૃક્ષોનું ટ્રીમીંગ કરવામાં આવ્યું હતું. કોર્પોરેટર રાકેશ પટેલે સ્થળ પર ઉભા કરી વૃક્ષ ટ્રીમીંગની કામગીરી કરાવી હતી.

## પ્રવાસી શ્રમિકોની નોંધણી ફરજિયાત બનાવવા અપીલ

ગાંધીનગર, તા.૧૦

કોરોના વાયરસને કારણે ઊભી થયેલી પરિસ્થિતિમાં માર્ચ-એપ્રિલ-મેમાં દેશભરમાં લોક ડાઉન જાહેર કરવામાં આવ્યું હતું. કારખાનાઓ અને કામકાજના સ્થળો બંધ થતાં અન્ય રાજ્યોના શ્રમિકો મોટી સંખ્યામાં પોતાના વતનમાં ચાલ્યા ગયા હતા. હવે પરિસ્થિતિ રાબેતા મુજબની થતાં પ્રવાસી શ્રમિકો મોટી સંખ્યામાં ગુજરાત પરત ફરી રહ્યા છે ત્યારે આવા પ્રવાસી શ્રમિકોની નોંધણી ફરજિયાત કરવા ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે અપીલ કરી છે.

પ્રવાસી શ્રમિકોને નોંધણી બાબતની ભવિષ્યમાં આવી પરિસ્થિતિ ઊભી થાય ત્યારે રાજયમાં કાર્યરત પ્રવાસી શ્રમિકોની વિગતો ઉપલબ્ધ હશે તો તેમને યોગ્ય મદદ અને જરૂરી વ્યવસ્થા સુચારુ રીતે રાજ્ય સરકાર કરી શકશે. ઉપરાંત ભારત સરકારની સૂચિત યોજના મુજબ આગામી દિવસોમાં 'વન નેશન વન રેશન કાર્ડ' તેમજ 'વન નેશન વન હેલ્થ કાર્ડ' અમલમાં આવી રહ્યા છે ત્યારે આ યોજનાઓના અમલ માટે પ્રવાસી મતદારોની નોંધણી રાજ્ય માટે બહુ ઉપયોગી થશે.

આ બાબતે વધુ વાત કરતા સંસ્થાના જ્યોતીન્દ્ર ભાઈ દવે જણાવે છે કે, સરકાર દ્વારા પ્રવાસી શ્રમિકોની નોંધણી થવાથી અન્ય સુવિધાઓ પણ ઉપલબ્ધ થઈ શકશે. જ્યોતીન્દ્રભાઈ દવેના અધ્યક્ષસ્થાને મળેલી ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદના કારોબારી સભ્યોની વર્ચ્યુઅલ બેઠકમાં વરિયાભાઈ, ભાનુપ્રસાદ પુરાણી, વાગ્મિનભાઈ બૂચ, પ્રોફેસર રવીન્દ્રભાઈ દવે, એસ ડી આર મલિક, ભાનુકાન્ત પી . પરમાર, મનિષભાઈ દવે, સુમંતભાઈ શાહ, નિરંજનભાઈ ઓઝા, રાજેન્દ્રભાઈ પારેખ, હસમુખભાઈ ઠાકર, કુસુમબેન જોષી, જીતેન્દ્રભાઈ ત્રિવેદી, લક્ષ્મણ સિંહ રાજપુત, દશરથભાઈ પરમાર, અશ્વીનભાઈ સિકલીન્ગર એ ભાગ લીધો હતો.

## સે-૨૪ ખાતેથી ચોરીની રીક્ષા સાથે શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર એલસીબી પીએસઆઈ વાય.વાય.ચૌહાણ તેમજ ટીમના સભ્યો પેટ્રોલીગમાં હતા તે દરમિયાન સાથે રહેલા પોલીસ કોન્સ્ટેબલ વિજયસિંહ તેમજ રાજવીરસિંહને સંયુકત રીતે ચોકકસ બાતમી મળી હતી કે સેકટર-૨૪ ખાતે રંગમંચ પાસે માર્ગ પર એક શખ્સ ચોરીની રીક્ષા સાથે ઉભો રહ્યો છે. જેથી પોલીસે સ્થળ પર જઈને તાત્કાલીક મનોજ ઉર્ફે કાલુ અમથાભાઈ પટ્ટણી (ઉં.૨૫ રહે. બાપુનગર અનિષ્ઠા સંજયનગરના છાપરા મુળ રહે. કલોલ ખાડામાં )ને નંબર વિનાની સીએનજી રીક્ષા કિં.૧,૭૦,૦૦૦ સાથે ઝડપી પાડ્યો હતો. રીક્ષાના આધારપુરાવા માંગતા તેણે પોતાની પાસે નહી હોવાનું જણાવ્યું હતું. પોલીસે શખ્સની ઉંડાણપૂર્વક પુછતાછ કરતા આ રીક્ષા તેણે ગત તા.૭-૯-૨૦ ના રોજ બપોરના સમયે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ગયો હતો. જયારે પોતાને હરવા ફરવા માટે વાહનની જરુર હોવાથી સિવિલના ગેટ નજીક રણછોડપુરા તરફ જવાના માર્ગ પર એક રીક્ષા પડી હતી તે રીક્ષા ડુપ્લીકેટ ચાવીથી ચાલુ કરીને ચોરી કરી હતી. પોલીસે પોકેટ કોપની મદદથી તપાસ કરતા રીક્ષા નં.જી.જે.૧.ટી.એફ.-૬૩૪૩ હોવાનું જણાયું હતું અને રીક્ષા ચોરી અંગે શાહીબાગ પોલીસ મથકે ફરીયાદ પણ નોંધાઈ છે. પોલીસે રીક્ષા કબ્જે કરી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સાઈના ડાયરેકટર પછી એક કોચ પણ કોરોના પોઝિટિવ થયા

### ડાયરેકટરે નિયમ બનાવ્યો હતો કે જે અધિકારી, કોચ કે કર્મચારી ગુજરાત બહાર જઈને આવે તેને ચાર દિવસ હોમ કોરોન્ટાઈન થવું : અફસોસ કે આ નિયમનું પાલન ડાયરેકટરે પોતે જ ના કર્યું

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના સેક્ટર-૧૫ ખાતે કાર્યરત સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ઈન્ડિયાના ડાયરેકટર પી.કે.રાઘવ કોરોના પોઝિટિવ થયા છે જેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર આપવામાં આવી રહી છે. પ્રાપ્ત વિગતો અનુસાર તેઓ ગત તા. ૩૦મી સપ્ટેમ્બરે સાંજે દિલ્હીથી પરત ફર્યા હતા અને ત્યારે તેમણે કોરોન્ટાઈન થવું જોઈતું હતું પરંતુ તેઓ કોરોન્ટાઈન થયા નહોતા. આ પછી તેમણે ફિટ ઈન્ડિયા રનનું આયોજન કર્યું હતુ અને જાણીતા પેરા ખેલાડીઓ સાથે સાઈના અધિકારીઓ અને તાલીમાર્થીઓ સહિત તેઓ રનમાં જોડાયા હતા. આ સાથે સાઈના એક કોચ પણ કોરોના પોઝિટિવ થતાં તેઓ હોમ આઈસોલેસન થઈ ગયા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર સાઈના ડાયરેકટર પી.કે.રાઘવે જે કોઈ અધિકારી કે કર્મચારી ગુજરાતથી આવે કે જઈને આવે તો તેમણે ચાર દિવસ હોમ કોરોન્ટાઈન થવું તેવું જાહેર કર્યું હતું અને તે અનુસાર તેમણે એક કર્મચારી જે સાઈ સંકુલમાં દિલ્હી જઈને આવેલા તેમણે ફરજિયાત કોરોન્ટાઈન કરાવ્યા હતા જ્યારે તેઓ પોતે દિલ્હીથી પરત ફર્યા હતા અને ત્યારે તેમણે કોરોન્ટાઈન થવું જોઈતું હતું પરંતુ તેઓ કોરોન્ટાઈન થયા નહોતા. આટલું જ નહીં સાઈના અન્ય એક અધિકારી પણ જે તેમના પહેલા દિલ્હી જઈને આવ્યા હતા તેઓ પણ કોરોન્ટાઈન થયા નહોતા જેનો મતલબ છે કે આ નિયમ માત્ર કર્મચારીઓને જ લાગુ કરવામાં આવ્યો હતો પરંતુ અધિકારીઓ માટે તે નિયમ પાલનનું કોઈ મહત્વ નહોતું. વળી તરાઈ ખાતે શનિવારે ફિટ ઈન્ડિયા રન યોજાઈ હતી તેમાં પી.કે.રાઘવ સહિત પેલા અધિકારી પણ ઉપસ્થિત રહ્યા અને આ રનમાં તેઓ બંને જાણીતા પેરા ખેલાડીઓ સાથે સાઈના અધિકારીઓ અને તાલીમાર્થીઓ સહિત તેઓ રનમાં જોડાયા હતા. જેના કારણે સાઈ સંકુલના અધિકારીઓ અને કર્મચારીઓ સહિત તાલીમાર્થીઓમાં પણ કોરોના સંક્રમણના ખતરાની ભીતિ સેવાઈ રહી છે.

## સે-૧૧ ઝાડીમાંથી દેશી બનાવટથી પિસ્ટલ સાથે યુવક ઝડપાયો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના સેકટર-૧૧ ઝાડીમાંથી દેશી બનાવટની પિસ્ટલ સાથે એક યુવકને એસઓજી પોલીસે દબોચી લીધો છે. પોલીસે ગેરકાયદે પિસ્ટલ અંગે યુવકને પુછતા અન્ય ત્રણ યુવકોના નામ સામે આવ્યા છે. એસઓજી પોલીસે પિસ્ટલ કબ્જે કરી ચાર શખ્સો સામે સેકટર-૭ પોલીસ મથકે ગુનો નોંધાવ્યો છે.

મળતી માહિતિ મુજબ ગાંધીનગર રેન્જ આઈજી અભય ચુડાસમા અને જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા એ ગાંધીનગરમાં ગેરકાયદે હથિયારો મુદ્દે કડક કાર્યવાહીની સુચના આપી હતી. જેને પગલે એસઓજી પીઆઈ ડી.બી.વાળાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો કાર્યરત હતા. ત્યારે કોન્સ્ટેબલ સુરેન્દ્રસિંહ અને જયદિપસિંહને ખાનગી રાહે આરોપી મુદ્દે બાતમી મળી હતી.જેને અનુલક્ષી એસઓજી પોલીસે સેકટર-૧૧ કલેકટર કચેરી પાછળ આવેલી ઝાડી વિસ્તારમાંથી એકટીવા લઈને ઉભા રહેલા એક યુવકને પકડી પાડ્યો હતો. પોલીસે તેનું નામ પુછતા તેણે ઈસનપુર મોટા ગામનો વિધાન ઉર્ફે બિટ્ટુ મહેશભાઈ પટેલ (ઉં.૨૨ ચણાટેકરી)હોવાનું ધ્યાને આવ્યું હતું. પોલીસે



એકટીવાની ડેકી ચેક કરતા એક ટી શર્ટમાં વીંટાળેલી દેશી બનાવટની પિસ્ટલ મળી આવી હતી. આ દેશી બનાવટની પિસ્ટલ અંગે પોલીસે યુવકને પુછતા તેણે કહ્યું હતું કે તે અને વાવોલનો વિશાલસિંહ શંભુજી ગોલ ત્રણ માસ પહેલા મગોડી ખાતે રહેતા ધવલ અને રાહુલ નામના યુવકો પાસેથી લાવ્યા હતા. પોલીસે પિસ્ટલ કબ્જે લઈને ચાર શખ્સો સામે સે-૭ પોલીસ મથકે ગુનો નોંધાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે પોલીસની પ્રાથમિક તપાસમાં પિસ્ટલ ધવલની હોવાનું બહાર આવ્યું છે. આ યુવકો પિસ્ટલ ક્યાંથી લાવ્યા હતા? અને કોઈ ગુનામાં ઉપયોગમાં લીધી છે કે કેમ તે દિશામાં તપાસ શરુ કરીને ત્રણેય યુવકોની તપાસ આદરી છે.

## સહકાર સોસાયટીના કોમન પ્લોટમાં ફ્રી યોગાભ્યાસ શરૂ થયા



ગાંધીનગર, તા.૧૦

ગુજરાત રાજયના યોગ બોર્ડના સહયોગથી અનુભવી અને સર્ટીફાઈડ સોનલ દક્ષેશ મહેતા દ્વારા સે-૨૫ સ્થિત સહકાર સોસાયટીના કોમન પ્લોટમાં સવારે ૫.૩૦ થી ૬.૩૦ દરમિયાન યોગાભ્યાસ કરાવવામાં આવે છે. જેમાં સેકટરના બધા રહીશો મોટી સંખ્યામાં ભાગ લે છે. આ ઉપરાતં દરેક યોગ યોગ કરે તેવો આગ્રહ નગરના યોગા કોચ સોનલ મહેતા રાખી રહ્યા છે.

## લાયન્સ ક્લબ ઓફ ફેમિના દ્વારા અલગ-અલગ ગામના ટ્રસ્ટની હોસ્પિટલ ને પીપીઈ કીટનું વિતરણ

ગાંધીનગર, તા.૧૦

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા કોરોનાની મહામારી દરમિયાન નાગરિકોની સેવા અર્થે કામ કરનાર ડોક્ટર્સ તથા હોસ્પિટલ સ્ટાફ અને કોવિડમાં વિશેષ રૂપે સેવા આપનાર સેવકો ના રક્ષણાર્થે પીપીઈ કીટ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત સરકાર દ્વારા અપાતી સહુલત જ્યાં ના પહોંચતી હોય તેવા સ્થાનો માં પીપીઈ કીટ તરીકે ના સુરક્ષા કવચ સંસ્થા દ્વારા સ્વૈચ્છિક પહોંચાડવામાં આવ્યા હતા. સંસ્થા દ્વારા ૧૦૦ જેટલી પીપીઈ કીટ અલગ અલગ ગામની ટ્રસ્ટની હોસ્પિટલને આપવામાં આવી હતી. જેમાં રાંધેજા, સરઢવ વગેરે ગામોની હોસ્પિટલનો સમાવેશ કરાયો હતો. આ કાર્યક્રમમાં મેયર રીટાબેન એ





ખાસ હાજરી આપી હતી. આ ઉપરાંત સંસ્થા દ્વારા દર્દીઓ માટે બિસ્કીટના પેકેટ તેમજ સ્ટાફ માટે વિશેષ રૂપે બનાવામાં આવેલ માસ્કનું વિતરણ પણ કરાયું હતું. આ કાર્યક્રમના પ્રોજેક્ટ ચેરમેન તરીકે નિલમબેન શાહે સેવા આપી હતી તથા સેક્રેટરી દક્ષા જાદવ, ખજાનચી આરતી ભટ્ટ, મનીષા ત્રિપાઠી, કુસુમ જોશી, જાગૃતિ વ્યાસ, ચંદા યાદવ, નિમિષા શુક્લ થતા ભૂમિ જોગાણીએ હાજર રહી આ કાર્યમાં સહકાર પૂરો પાડ્યો હતો.

## ગાંધીનગર રેડક્રોસ સોસાયટી દ્વારા ચક્ષુદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લામાં 'ચક્ષુદાન પખવાડીયા'ની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર જનરલ હોસ્પિટલ આયોજીત 'રાષ્ટ્રીય અંધત્વ અને દૃષ્ટિ ખામી નિયંત્રણ' કાર્યક્રમ તા. ૨૫ ઓગષ્ટથી ૮મી સપ્ટેમ્બર ૨૦૨૦ સુધી ઉજવાયો હતો. જેમાં વિવિધ માધ્યમો દ્વારા મૃત્યુબાદ ચક્ષુદાન કરવા જાગ્રત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

જેમાં જનજાગૃતિ લાવવા ગાંધીનગર જિલ્લા રેડક્રોસ દ્વારા હાલના કોરોનાના સમયમાં જનતા સમક્ષ પ્રત્યક્ષ ન જતા 'ચક્ષુદાન મહાદાન-મૃત્યુ પછીનું શ્રેષ્ઠદાન'ના (બેનર સાથે) નારા સાથે ખૂબ જ મોટે પાયે ટેકનોલોજીના માધ્યમ દ્વારા જેમ કે ફેસબુક તથા વોટસએપ દ્વારા અભિયાન ચલાવી આશરે ૧૫૦૦ લોકોને આ અવેરનેસ કાર્યક્રમમાં સામેલ કરીને મૃત્યુ બાદ ચક્ષુદાન કરવા વિનંતી કરવામાં આવી હતી.



ગાંધીનગર વોર્ડ નં.૮ના કોર્પોરેટર શ્રીમતી પ્રવિણાબેન વોરા દ્વારા વોર્ડ નં.૮ વિસ્તારમાં જાતે રૂબરૂ સ્થળ પર હાજર રહી વોર્ડ નં.૮માં સફાઈ અભિયાન આરંભ્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. પટેલ સતીષ કચરાભાઈ, ઉ.વ. ૫૭, ચંદ્રાલા, તા. ગાંધીનગર
- સ્વ. અમરતલાલ રણછોડદાસ ઠક્કર, ઉ.વ. ૭૫, દહેગામ, જી. ગાંધીનગર
- સ્વ. ભાવસાર પદમાબેન રજનીકાન્ત, ઉ.વ. ૮૩, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. દેવેન્દ્રભાઈ મહેન્દ્રભાઈ બારોટ, ઉ.વ. ૬૩, કલોલ. જી. ગાંધીનગર
- સ્વ. પટેલ સવીતાબેન માણેકલાલ, ઉ.વ. ૭૧, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. કોકીલાબેન રમેશચંદ્ર દરજી, ઉ.વ. ૬૭, દોલારાણા વાસણા, તા. ગાંધીનગર
- સ્વ. પટેલ વિષ્ણુભાઈ રણછોડદાસ, ઉ.વ. ૬૬, વાસણા હડમતીયા, ગાંધીનગર
- સ્વ. મહેન્દ્રકુમાર વિઠ્ઠલભાઈ પટેલ, ઉ.વ. ૫૭, સેકટર-૨, ગાંધીનગર
- સ્વ. વસંતબેન ભાઈલાલભાઈ ગોહિલ, ઉ.વ. ૫૮, કુડાસણ, તા. ગાંધીનગર

# પુરૂષોત્તમ માસે જપ, તપ અને દાનનો મહિમા

## પંચમહાભૂતથી બનેલા શરીરની જ્ઞાનેન્દ્રીય મજબુત કરવાનો શ્રેષ્ઠ માસ ૧૮ સપ્ટેમ્બરથી શરૂ



ગાંધીનગર, તા.૧૦

ગુજરાતી કેલેન્ડર પ્રમાણે હાલ ભાદરવો મહિનો ચાલી રહ્યો છે અને ક્રમ મુજબ ભાદરવા બાદ આસો આવે પરંતુ આ વર્ષે હિંદુ પંચાગાનુસારનો ૧૩મો માસ અધિક માસ આવશે. અધિક માસના પડવાથી શરૂ કરી અમાસ સુધી સૂર્ય સંક્રાંતિ ન થાય ત્યારે તેને અધિક કે પુરૂષોત્તમ માસ કહેવાય છે. આ માસમાં ભગવાન વિષ્ણુની ભકિત સાથે જપ, તપ અને દાન કરવાનું ખૂબ જ મહત્વ છે. ઉપરાંત આ માસમાં શુભ કાર્યો વર્જીત મનાય છે.

દુકાળમાં અધિક આવે તેવું કહેવાય છે પરંતુ આ વર્ષ ૨૦૨૦ એ કોરોનાની મહામારી સાથે અનેક મુશ્કેલી ભરી પરિસ્થિતિ લઈને આવ્યું છે. એટલે મોટાઓ દ્વારા કહેવાય છે કે આ મુશ્કેલીનો સમય ચાલે જ છે એમાંય આ વર્ષે અધિક માસ પણ આવી ગયો.

૩૧ મહિના ૧૪ દિવસ અને ૮મી ઘડીએ અધિક માસ આવે છે. હિંદુ પંચાગ મુજબ ગણાતો આ ૧૩મો મહિનો વધારાનો હતો તેથી તેને અધિક માસ કહે છે અને એવું કહેવાય છે કે હિન્દુ વર્ષની કેલેન્ડરની રચના જયારે ઋષિઓ કરતા હતા ત્યારે ખગોળીયા ઘટના અને દિવસોની ગણતરી પ્રમાણે એક માસ વધુ ગણાયો તેથી આ અધિક માસ તો કહેવાયો પણ કોઈ પણ દેવ આ માસના અધિપતિ બનવા તૈયાર ન થયા ત્યારે અધિક માસ વિષ્ણુજીના શરણે વૈકુંઠમાં ગયા અને તેમની વાત સાંભળી વિષ્ણુજી દ્વારા આ માસને પવિત્ર પુરૂષોત્તમ માસ નામ આપ્યું અને વરદાન આપ્યું કે જે આ માસમાં મારી ભકિત અને દાન પુણ્ય કરશે તેને અન્ય માસની સરખામણીમાં દસ ગણું પુણ્ય મળશે ત્યારથી દર ત્રણ વર્ષે અધિક માસ આવે છે અને આ પુરૂષોત્તમ માસમાં દરેક વિષ્ણુ ભગવાનની ભકિત અને દાન પુણ્ય કરે છે.

### અધિક માસમાં શુભ કાર્યો વર્જીત

● સૂર્યનું વિશેષ મહત્વ ધરાવતા હિંદુ ધર્મ મુજબ અધિક માસમાં સૂર્ય સંક્રાંતિ નથી હોતી એટલે શુભ કાર્યો તથા નવા કોઈ પણ કાર્ય કરાતા નથી.

● ખાસ કરીને લગ્ન પ્રસંગ, જનોઈ, હોમ હવન, ગૃહપ્રવેશ, શુભ કાર્યો અર્થેની ખરીદી આ માસમાં થતી નથી.

### પુરૂષોત્તમ માસમાં કરાતા કાર્યો અને મહત્વ

● શાસ્ત્રોમાં જણાવ્યા અનુસાર આ માસમાં ધ્યાન, યોગ, જપ, તપ, દાન-પુણ્ય કરવાથી વિશિષ્ટ ફળ મળે છે.